વડીલોને વંદન અભિનંદન

સોની મંજુલાબેન પી.
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૬૩૫૪

જીતેન્દ્રસિંહ એ. વાઘેલા
(૧૯૬૩) મો. ૯૯૭૯૨૦૫૧૭૯

લીલાવતીબેન સી. શાહ
(૧૯૪૧) ફોન: ૨૩૨૬૦૫૮૨

આદિવાસી પૂર્વ પટ્ટામાં મહાકાય જળપ્રબંધનને વધુ ઝડપી કરાશે

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરક સંબોધન : વનવાસી ક્ષેત્રની પ્રવાસન વિરાસત આર્થિક પ્રવૃત્તિની મોટી શક્તિ બનશે : નવી યોજનાઓ હાથ ધરાઈ છે: મોદી

અમદાવાદ, તા.૧૯

ગુજરાતના મુખ્યમત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતમાં આદિવાસી કલ્યાણ અને વિકાસશીલ તાલુકાઓ માટેની ચિન્તન શિબિરનું ઉદઘાટન કરતાં અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિવાસી પૂર્વપટ્ટામાં પ્રવાસન વિરાસતોના વિકાસ સહિત આર્થિક પ્રવૃત્તિઓથી ધમધમતો કરવાનું સામર્થ્ય ધરાવે છે તેને માટેની વિષદ કાર્યયોજના હાથ ધરવા પ્રેરક હાહવાન કર્યું હતું અને કહ્યુહતુ કે ૪૦૦૦ કરોડના જળપ્રબંધન પ્રોજેક્ટને પ્રાથમિકતાના ધોરણે હાથ ધરવામાં આવ્યુ છે. વનવાસી ક્ષેત્રની પ્રવાસન વિરાસત આર્થિક પ્રવૃત્તિની મોટી શક્તિ બનશે તેવી વાત પણ મોદીએ કરી હતી.

ગુજરાત સરકાર આદિજાતિ કલ્યાણ વિભાગના ઉપક્રમે ગાંધીનગર મહાત્મા મંદિરમાં વનબંધુ કલ્યાણ અને વિકાસશીલ તાલુકાઓની વણથંભી યાત્રા અંગે આ કાર્યશિબિર યોજવામાં આવી હતી.

રાજ્યના ૯૦ લાખ આદિવાસી સમુદાય માટે અંબાજીથી ઉમરગામ સુધીના ક્ષેત્રમાં વિકાસની વણથંભી યાત્રારૂપે વનબંધુ કલ્યાણ યોજના અને કૌલગી સમિતિ નિર્દેશિત વિકાસશીલ તાલુકાની પછાતલક્ષી સમસ્યાઓના નિરાકરણ માટે મિસન મોડ કાર્યયોજના અંગે આ ચિન્તન શિબિરમાં ચાર સર્વગ્રાહી ચર્ચાસત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. અંબાજીથી ઉમરગામ સુધીનો સમગ્ર આદિવાસી પૂર્વપટ્ટો વિકાસ યાત્રામાં સક્ષમ યોગદાન આપવાનું, સામર્થ્ય ધરાવે છે તેની વિષદ રૂપરેખા આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે જંગલો, પર્વતો, દરિયાકાંઠો, આધ્યાત્મિક વિરાસરત વન્યસૃષ્ટિની અદભુત ધરોહરના પ્રવાસન વિકાસનું સામર્થ્ય

એટલું વિશાળ છે કે રાજ્યની આર્થિક પ્રગતિમાં નવી શક્તિ પૂરી પાડી શકે. પાવાગઢ, શબરીમાતા, ઉનાઈ, સાપુતારા, દેવમોગરા, જાંબુઘોડા, કેવડીયા, માનગઢ, પાલચિતરીયા, શામળાજી, ખેડબ્રહ્મા, અંબાજી-કેટકેટલી વિરાસતોથી ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને સમૃદ્ધ બનાવી શકય છે તેની વિગતો તેમણે આપી હતી. સમગ્ર વનવાસી ક્ષેત્રે પૂર્વપટ્ટામાં ઈકો-ટુરિઝમ આર્થિક પ્રવૃત્તિથી ધબકતો બને તેની વ્યૂહરચના તૈયાર કરવા મુખ્યમંત્રીએ સૂચવ્યું હતું. આદિવાસી ક્ષેત્રમાં પ્રાકૃતિક કૃષિપેદાશોની સંપદા જોતાં ઓર્ગેનીક ફાર્મિંગનુ ક્ષેત્ર વિકસાવી શકાય એમ છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે પહાડોની પાણી અને જવાની પહાડી ક્ષેત્ર માટે કામ નથી આવતા એ પારંપરિક કહેવત બદલીને સમગ્ર આદિવાસી માટે રૂા. ૪૦૦૦ કરોડનો પાણી પહોંચાડવાનો પ્રોજેક્ટ મંજુર કર્યો છે અને જલપ્રબંધન એ આપણી પ્રાથમિકતા બનવી જોઈએ. સમગ્ર આદિવાસી ક્ષેત્રમાં આદિવાસી કિસાનોના આર્થિક જીવનનો ગુણાત્મક બદલાવ લાવી શકવાની તાકાત પૂરી પાડવા પાણીનો આ પ્રોજેક્ટ સમયબદ્ધ ધોરણે પાર પાડવાનો છે એમ પણ તેમણે જણાવ્યું હતું. આદિવાસી યુવાનો માટે તીરંદાજી જેવી પારંપારિક રમતોનું કૌશલ્ય અને સુરક્ષા સેવાઓમાં ભરતીનું સામર્થ્ય, આદિવાસી કિસાનોમાં ફળફૂલની પારંપારિક ખેતીનું મુલ્યવર્ધિત કૃષિ માર્કેટમાં રૂપાંતર, જળપ્રબંધન સહિત વનબધું કલ્યાણનું હવે રૂા. ૪૦,૦૦૦ કરોડનું સંવર્ધિત પેકેજ આદિવાસી ક્ષેત્રે વિકાસની નવી તાકાત બની શકશે એમ તેમણે અનેક દ્રષ્ટાંતો સાથે જણાવ્યું હતું.

આદિવાસીઓને જંગલની જમીનના અધિકારપત્રો આપવામાં ગુજરાતે અનોખી પહેલ કરી છે ત્યારે આવા કિસાનોને સરકારી યોજનાના લાભો આપવા માટે સમગ્ર તંત્ર પ્રો-એક્ટિવ બને, આદિવાસી યુવાનોને મેડિકલ કોલેજોમાં પ્રવેશ-કસોટીમાં સક્ષમ બનાવવાના કોચીંગ ક્લાસ દરેક આદિવાસી તાલુકા મથકે શરૂ કરવાની યોજના હાથ ધરવા અને ભારત સરકારે ૨૦૧૧માં વાડી પ્રોજેક્ટ બંધ કર્યો છે તેને ફરીથી સંવર્ધિત ધોરણે રાજય સરકાર દ્વારા મોડેલરૂપ વિકસાવવા તેમણે જણાવ્યું હતું.

છેતરપીંડી પ્રકરણ બારોટ બે દિવસના રિમાન્ડ પર લેવાયો

અમદાવાદ, તા.૧૯

શહેરના બાપુનગર વિસ્તારમાં અલંકિત એન્ટરપ્રાઈસ થકી ઈન્વેસ્ટર પાસેથી રૂપિયા ખંખેરી ૬૦ લાખની છેતરપીંડી કરવાના ગુનામાં ઝડપાયેલા જીતેન્દ્ર બારોટને બાપુનગર પોલીસે મેટ્રો કોર્ટમાં રીમાન્ડ અર્થે રજુ કર્યો હતો જ્યાં મેટ્રો કોર્ટે આરોપી જિતેન્દ્ર બારોટના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે શહેરના બાપુનગર સ્થિત શાયોના આર્કેડમાં અલંકિત એન્ટરપ્રાઈસ નામે જિતેન્દ્ર બારોટે ફરિયાદી દર્શક પટેલને ગત ફેબ્રુઆરીથી ૧૧મી મે સુધી ૬ ટકા નફો આપવાની લાલચ આપી હતી પણ બ્રોકરે એમસીએક્સમાં ખાતુ ન ખોલી આપી ખોટા વાયદાઓ કરી ૬૦ લાખની છેતરપિંડી કરી હતી જેની ફરીયાદ દર્શક પટેલે બાપુનગર પોલીસ મથકમાં કરી હતી. બાપુનગર પોલીસે ફરિયાદ બાદ જીતેન્દ્ર બારોટની અટકાયત કરી રિમાન્ડ અર્થે મેટ્રોપોલીટન કોર્ટમાં પેશકશી કરી હતી.

મુંબઈ અને દિલ્હી કરતા પણ અમદાવાદમાં સી.એન.જી. મોંઘો

રાજ્ય સરકારે સીએનજી પર વેટ ઘટાડી દિલ્હી-મુંબઈના ભાવે અમદાવાદના લોકોને ગેસ આપવો જોઈએ : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે વારંવાર મુંબઈ-દિલ્હીના ભાવે ગુજરાતને પણ ગેસ મળવો જોઈએ તેવી વાત કરનાર ભાજપ સરકાર સીએનજી પર વસુલાતો ૧૫ ટકા વેટમાં કેમ ઘટાડો કરતી નથી? ગુજરાતમાં ૨૦૦૫માં સીએનજી અમલમાં મુકતા સમયે ગુજરાતના મુખ્યમંત્રીએ જે તે સમયે ખાત્રી આપી હતી કે, પાંચ વર્ષ સુધી સીએનજી ભાવ વધારો કરવામાં નહીં આવે. મુખ્યમંત્રી ખુદે આપેલી ખાતરી ઘોળીને પી ગયા અને આજે તેમના મળતીયા ઉદ્યોગપતિને મોનોપોલીના નામે ૩૫ વખત સીએનજીમાં ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે.

સુપ્રિમ કોર્ટના આદેશથી ગેઈલ કંપની દ્વારા ગેસ વિતરણ વ્યવસ્થા માટે એપીએમ હેઠળ જ્યારે ગુજરાતને સસ્તો ગેસ મળવાનો શરૂ થયો જેના લીધે ગુજરાતના નાગરીકોને રૂા. ૧૦નો ભાવ ઘટાડો શક્ય બન્યો છે ત્યારે દિલ્હી-મુંબઈનાભાવે ગુજરાતને સીએનજી મળવો જોઈએ તે બાબતે કાગરોળ મચાવનાર ભાજપ સરકાર પોતાના મળતીયા ઉદ્યોગપતિને ભાવ ઘટાડા માટે કેમ જણાવતી નથી? ગુજરાત સરકારની ગેસ કંપનીના જીએસપીસી કેમ ભાવ ઘટાડો કરતી નથી? ભાજપ સરકાર સીએનજી પર વેટમાં કેમ ઘટાડો કરતી નથી? મુંબઈના નાગરીકો પાસેથી રૂા. ૫૬ કેમ વસુલાય છે? મોંઘવારીના નામે કાગારોળ મચાવનાર ભાજપ શાસકો પોતાના મળતીયા ઉદ્યોગપતિઓના લાભાર્થે પ્રત્યક્ષ અને પરોક્ષ કમરતોડ ભાવ વધારો ઝીંકીને સામાન્ય અને મધ્યવર્ગના નાગરીકો સાથે દ્રોહ કરી રહી છે. કોંગ્રેસ પક્ષની માંગ છે કે ગુજરાતની ભાજપ સરકાર તાકીદે સીએનજી પર વસુલાતા વેટમાં ઘટાડો કરે અને દિલ્હી-મુંબઈને ભાવે અમદાવાદના નાગરીકોને ગેસ મળી રહે તે માટે ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે.

અમદાવાદ પૂર્વ ઝોનમાં ૧૦ સ્થળ પર હોર્ડિંગ્સ પરની જાહેરાત દૂર કરાઈ

શહેરના પૂર્વ ઝોન વિસ્તારમાં નેશનલ હાઈવે-૮ તથા વસ્ત્રાલ રોડ ઉપર આવેલ ખાનગી મિલકતો ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરખબરના હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતા. જેમાં ગુરૂવારના રોજ પૂર્વ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા ૧૦ સ્થળોએ લાગેલ હોર્ડિંગ્સ ઉપર લગાવે જાહેરાત દૂર કરવામાં આવી છે. તેમજ મધ્યઝોનના ખાડીયા વોર્ડમાં રેવડી બજારમાં આવેલ સુનોમલ માર્કેટ નામે જાણીતા બિલ્ડીંગમાં ૨૦૦ ચો.ફુટ જેટલું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવ્યું છે.

ધાડ પાડવા માટે આવેલા ૭ શખ્સને આખરે પકડી પડાયા

પકડી પડાયેલા શખ્સોની પૂછપરછ : ધાડપાડૂ ટોળકીની ખાસ મોડસ ઓપરેન્ડીનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૯

ધાડ પાડવા આવેલા સાત શખ્સોને પકડી પાડી ધાડપાડુ ટોળકીની ટોળકીને આજે ક્રાઈમબ્રાંચની ટીમે અંતે ઝડપી પાડી છે. બાતમીના આધારે ક્રાઈમબ્રાંચની ટીમે અંકુર

ખાસ મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. તેમની પુછપરછ હાલમાં હાથ ધરાઈ છે.

બપોરના સમયગાળા દરમ્યાન જ્યારે ઘરના મોભી ઘરમાં હાજર ના હોય અને ઘરમાં મહિલા એકલી હોય ત્યારે લૂંટ કરવાના ઈરાદેથી નીકલેલી સ્કુલ સામે આવેલ જૈન મર્ચન્ટ સોસાયટી ફતેપુરા પાલડીમાં રહેતા કાપડના વેપારીના બંગલામાં ધાડ પાડવા કારમાં આવેલા સાત ધાડપાડુઓની ટોળકીને પકડી પાડ્યા છે. આરોપીઓ અબ્દુલરજાક અબ્દુલખાલીક ઝનેખાન પઠાણ (ઉ.૩૧), વલતીખાન જીવણખાન પઠાણ (ઉ. ૫૯), વાહીદખાન જુમ્માખાન નશરથખાન પઠાણ (ઉ.૨૫), રીજવાન ખાન ઉર્ફે દરબાર મુરાદખાન નજીરખાન (ઉ. ૨૫), કરીમ ગુલામખાન સેબાતખાન પઠાણ (ઉ. ૩૫) અને જાવેદ ઉર્ફે ગુલુ ગુલામહુસૈન રસુલમીયા (ઉ. ૨૫) પાસેથી ઘાતક હથિયારો પિસ્ટલ નંગ-૧, કાર્ટીઝ-૬, છરા નંગ-૪, લોખંડની કોષ નંગ-૨, એક હથોડા, કંતાનના કોથળાઓ તથા કંતાનની દોરી વગેરે મુદ્દામાલ કબ્જે કરાયો છે.

આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ ટોળકીનો મુખ્ય સુત્રધાર આરોપી અબ્દુલરજાક અબ્દુલ ખાલીદ પઠાણ અલગ-અલગ વિસ્તારમાંથી પોતાના સાગરીતોને બોલાવીને શહેરના પોશ રહેણાંક વિસ્તારોમાં રેકી કરી લૂંટનો પ્લાન બનાવેલ હતો. તપાસમાં ચોંકાવનારી વિગત સપાટી પર આવી હતી કે પકડાયેલ સાતેય આરોપીઓ લૂંટ માટે બપોરનો સમય વધુ પસંદ કરતા કારણ કે બપોરના સમયે ઘરના મોભીઓ કામકાજ અર્થે બહાર હોય, નોકરી ટીફીન આપવા જવાનો હોય ત્યારે ઘરમાં રહેલી મહિલાનો એકલતાનો લાભ લઈ ઘાતક હથિયારો બતાવીને લૂંટ ચલાવવાના હતા.

બીજે મેડીકલમાં ૩ વિદ્યાર્થીને સસ્પેન્ડ કરાતા હડતાળ પડાઈ

બીજે મેડિકલના વિદ્યાર્થીઓ દિવસ દરમિયાન લેક્ચરોથી દૂર રહ્યા : સસ્પેન્ડેડ વિદ્યાર્થીઓને પરત લેવાની માંગણી

અમદાવાદ, તા.૧૯

અમદાવાદની બી.જે. મેડીકલમાં રેગીંગનો મામલો વકરતો જાય છે. રેગીંગમાં સંકળાયેલા ત્રણેય વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવાના નિર્ણયના વિરોધમાં આજે કોલેજના વિદ્યાર્થીઓએ હડતાલ પાડીને પોતાના વિરોધ નોંધાવ્યો હતો.

વિદ્યાર્થીઓ આજે દિવસ દરમિયાન લેક્ચરોથી અળગા રહ્યા હતા અને સસ્પેન્ડ કરાયેલ વિદ્યાર્થીઓને પરત લેવા માટે માંગ કરી હતી. પ્રખ્યાત બી.જે. મેડીકલ કોલેજમાં સપ્ટેમ્બર-૨૦૧૩માં સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયરો સાથે રેગિંગ કરતું આવતી હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના બાદ કોલેજ દ્વારા સમગ્ર મામલાની તપાસ એન્ટિરેગિંગ કમિટીને સોંપી હતી. જેની તપાસ બાદ એન્ટિરેગિંગ કમિટી દ્વારા બુધવારે મોડી સાંજે રેગિંગમાં સંકળાયેલા ફ્રુમિલ પટેલ, નિરવ પટેલ અને કશ્યપ પટેલને કોલેજ તેમજ હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જ્યારે અન્ય ૨૫ વિદ્યાર્થીઓને હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરવા માટે ડીનને ભલામણ કરવામાં આવી હતી. એન્ટિરેગિંગ કમિટીના આ નિર્ણયની સામે હવે કોલેજના વિદ્યાર્થીઓ આવી ગયા છે ત્રણેય વિદ્યાર્થીઓને પરત લેવાની માંગ સાથે આજે કોલેજના વિદ્યાર્થીઓએ હડતાલ પાડી હતી. અને દિવસ દરમ્યાન લેક્ચરોથી અળગા રહીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો બીજી બાજુ કોલેજે વહીવટી તંત્રએ સમગ્ર મામલો અત્યારે એન્ટિરેગિંગ કમિટીના હસ્તક હોવાથી પોતે કંઈ કરી શકે તેમ નથી તેમ જણાવી હાથ ખંખેરી લીધા હતા.

બસે ટક્કર મારતાં રીક્ષા ઉંધી વળતા બેને ઈજાઓ

આજે મોડી સાંજે સાણંદ પાસેના છાગોડી ગામ પાટીયા નજીક નેનો પ્લાન્ટ તરફ વળતાં એક બસે રીક્ષાને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં રીક્ષા અચાનક ઉંધી વળી ગઈ હતી. રીક્ષામાં બેઠેલા ડ્રાઈવર સહિતના છ પૈકીના બે લોકોને ગંભીર ઈજા થઈ હતી જ્યારે ચાર લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી.

શબ્દાવલી - ૫૨૬૨

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮	૯		
૧૦			■	૧૧		■	
■		■	૧૨			૧૩	■
૧૪	■	૧૫			■	૧૬	
૧૭		■	૧૮		૧૯		■
	■	૨૦	■	૨૧		■	૨૨
૨૩				■	૨૪		

આડી ચાવી

૧. અતિપ્રિય, દિલોજાનથી પ્રિય (૫)
૫. ક્ષિતિ, ભાવ (૨)
૭. રાજાઇ (૩)
૮. 'હેવમોર' શબ્દો ઊંધો(૪)
૧૦. નાની છોકરીઓ-પહેરે(૩)
૧૧. વનરાજ (૨)
૧૨. યુદ્ધ કે જંગ જેવું તંગદીલીવાળુ (૪)
૧૫. નાનો હુક્કો (૩)
૧૬. મિક્સરના બાઉલ (૨)
૧૭. પવન, વાયરો (૨)
૧૮. અવધિ, સમય આપવો (૪)
૨૧. મેલજોલ, ... મેલ (૪)
૨૨. તીખા ગાંઠીયા (૪)
૨૪. ઉત્તરાયણમાં... ઉડાડાય (૩)

ઊભી ચાવી

૧. લાંબી ડોક્વાળુ એક પ્રાણી (૩)
૨. હાથી (૪)
૩. હળવા મુળવાળુ (૩)
૪. જૂનાગઢના પ્રખ્યાત ભક્ત (૭)
૫. વારો, રમતમાં ક્રમ આવે તે (૨)
૬. કૃપા, અનુકંપા (૩)
૯. મુખોટું, માસ્ક (૩)
૧૨. છાપાની ઉભી ઓળ(૩)
૧૩. ક્ષિતિ, શક્તિ (૩)
૧૪. સડો, સડવું તે (૪)
૧૯. બંધાણીને તેના સમયે... લાગે જ (૩)
૨૦. ઓવારો, આરો (૨)
૨૨. સાર (૨)

શબ્દાવલી પરક્રરના જવાબ

આડી ચાવી :- (૧) આગમન (૪) રીબન (૭) ગજબ (૮) પાનખર (૯) તક (૧૦) કજીયાખોર (૧૫) સખાવત (૧૭) ભણતર (૧૮) ગાવ (૧૯) કરામત

ઊભી ચાવી :- (૧) આગખીયો (૨) ગજ (૩) મબલક (૪) રીત (૫) બખતર (૬) નરક (૮) પાપીયા (૧૧) જીવતર (૧૨) ખોરડુ (૧૩) વખાણ (૧૪) અદાવત (૧૫) સભર (૧૬) વતન (૧૮) ગામ

ગોલ્ડન ગોલ નક્કી કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમવાર લક્ષ્યાંક આધારિત વહીવટીપ્રથાની દિશામાં આગળ વધવામાં આવી રહ્યું છે. આ લક્ષ્યાંકોની સિધ્ધિ માટે ત્રિમાસિક સમીક્ષા બેઠક પણ શાખાઓ સાથે યોજવાનું આયોજન છે.

નિયત કામગીરી તેના નિયત સમયમાં પૂર્ણ થાય અને તે માટે અસરકારક અમલીકરણથી વિકાસને વધુ વેગ મળશે તેમ તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રિ-ગુણોત્સવ, રોગ નિદાન કેમ્પોનું આયોજન, માર્ગ-મરામતનું ચોક્કસ સમય-પત્રક તેમજ વેરા-વસુલાતની કામગીરી પણ લક્ષ્યાંક પ્રમાણે થાય તે સિવાય ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છે. ચોમાસા પૂર્વે જ નહિ પણ નિયમિત રીતે કાંસની સફાઈ, ગ્રામસફાઈ, દફતર ચકાસણી જેવા વિષયો પર પણ વિચારણા કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અધિકારીઓને ઈ.ગ્રામ સેવા કેન્દ્રોને વધુ પોષણક્ષમ બનાવવા પર પણ ભાર મુકવા માટે નિર્દેશ આપ્યો છે. આમ પંચાયતી રાજ તેની વહીવટી પ્રથામાં આમૂલ પરિવર્તન માટે કટિબદ્ધ બની ચુકયુ છે.

૧૦૦ કરોડ બચશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સસ્તો ગેસ આપ્યો છે. પરંતુ તા. ૩૦-૧૧-૨૦૧૩ ની સ્થિતિ જોતાં રાજયમાં સી.એન.જી. વાહન વપરાશકારો અને ગૃહ ગેસ વપરાશકારોની સંખ્યા વધતા કુલ મળીને ૯ લાખ સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટર પર-ડે ગેસની જરૂરિયાત રાજયમાં છે. ભારત સરકારે આ વપરાશ સામે તા. ૩૧ માર્ચ-૨૦૧૩ની કટ ઓફ ડેટ મુજબ આપેલો સસ્તો ગેસ એ ૬૬ ટકા જેટલો જ થાય છે તેથી તા. ૩૧ નવેમ્બર-૨૦૧૩નો વપરાશ ધ્યાને લઈ બાકી રહેતા ૩૪ ટકા સસ્તો ગેસ ભારત સરકારે ત્વરાએ આપવો જોઈએ.

ભાવ ઘટાડો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમાં પ્રતિકિલોએ રૂા. ૧૦.૧૦ તેમજ ગૃહવપરાશકારો માટેનો પાઈપલાઈન ગેસ જે પ્રવર્તમાન રૂા. ૨૫.૫૦થી રૂા. ૪૦ પ્રતિ એસસીએમના ભાવે મળે છે. તેમાં રૂા. ૨ થી ૯.૪૫ સુધીનો ઘટાડો થશે. આના પરિણામે સીએનજી વાહનધારકોને સમગ્રતયા રૂા. ૪૦ લાખની બચત પ્રતિદિન થશે. ઉર્જામંત્રીએ આ ભાવ ઘટાડા અંગેની વિગતો આપતા જણાવ્યું કે ગુજરાતને પણ દિલ્હી-મુંબઈના ભાવે સસ્તો ગેસ આપવા માટેની ગુજરાતની સરકારની રજુઆતને સર્વોચ્ચ અદાલતે પણ સ્વીકાર્યા બાદ ગુજરાતની પ્રજાની તરફેણમાં જે ન્યાયીક ફેસલો આપ્યો છે તેની ફલશ્રુતિરૂપે ગુજરાતની વર્તમાન સરકારે ભારત સરકારની કંપની ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લમિટેડ સાથે સંપન્ન થયેલા કરાર અનુસાર ગુજરાતને ગેઈલ દ્વારા ગેસ ફલો ઉપલબ્ધ થતાં જ ત્વરાએ નજીકના ભવિષ્યમાં સસ્તો ગેસ મળતો થવાનો છે, જે ગુજરાતની જનશક્તિના ઐતિહાસિક વિજય સમાન સિમાચિન્હ છે. તેમણે કહ્યું કે સીએનજી ગેસના આ નવા ભાવમાં તમામ વેરાઓનો સમાવેશ થયા બાદ રૂા. ૫૬.૨૦ પ્રતિકિલોના ભાવે વાહનધારકોને ગેર પ્રાપ્ત થશે. ગૃહ ગેસ વપરાશકર્તાઓ માટેના ભાવમાં બે મહિનામાં ૩૬ એસસીએમના વપરાશ સુધી રૂા. ૨૩.૫૦ તથા તેથી વધુ એસસીએમના વપરાશ માટે રૂા. ૩૦.૫૫ના ભાવે પાઈપલાઈન ગેસ મળશે. આમ, ગૃહ ગેસ વપરાશકારો માટે નવા ભાવ અનુસાર રૂા. ૨ થી ૯.૪૫ સુધીનો ઘટાડો થશે. પાઈપલાઈન ગેસના આ ભાવોમાં વેરાનો સમાવેશ થતો નથી એમ પણ તેમણે જણાવ્યું હતું.

ભારત સરકારે સર્વોચ્ચ અદાલતે ગુજરાતની તરફેણમાં આપેલા ન્યાયીક ચુકાદા બાદ સીએનજી અને પીએનજીના રાજયમાં વપરાશના ૮૦ ટકા સસ્તો ગેસ આપવા સહમતિ દર્શાવી હતી. અને આ માટેની કટ ઓફ ડેટ ૩૧ માર્ચ ૨૦૧૩ તય કરી હતી એ વેળાએ રાજયમાં ૭ લાખ સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટર પર-ડે ના વપરાશના ૮૦ ટકા પ્રમાણે કેન્દ્ર સરકારે ૫.૬ લાખ સ્ટાન્ડર્ડ સ્કયૂબિક મીટર પર-ડે સસ્તો ગેસ આપ્યો છે. પરંતુ તા. ૩૦-૧૧-૧૩ની સ્થિતિ જોતાં રાજયમાં સીએનજી વાહન વપરાશકારો અને ગૃહ ગેસ વપરાશકારોની સંખ્યા વધતા કુલ મળીને ૯ લાખ સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટર પર-ડે ગેસની જરૂરીયાત રાજયમાં છે. ભારત સરકારે આ વપરાશ સામે તા. ૩૧ માર્ચ ૨૦૧૩ની કટ ઓફ ડેટ મુજબ આપેલો સસ્તો ગેસ એ ૬૬ ટકા જેટલો જ થાય છે તેથી તા. ૩૧ નવેમ્બર ૨૦૧૩નો વપરાશ ધ્યાને લઈ બાકી રહેતા ૩૪ ટકા સસ્તો ગેસ ભારત સરકારે ત્વરાએ આપવો જોઈએ. સૌરભ પટેલે એમ પણ જણાવ્યું કે ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા દહેજને કનેક્ટીવિટી પોઈન્ટ નક્કી કરીને કનેક્ટીવીટ ચાર્જ તરીકે રૂા. ૪૨.૪૬ એમએમબીટીયુ ગુજરાત પાસેથી લેવામાં આવે છે તેના પરિણામે જીએસપીસી ગેસ કંપનીને પ્રતિકિલો ગેસના ભાવમાં રૂા. ૩નો વધારો કરવો પડ્યો છે. જો ભારત સરકાર કનેક્ટીવીટી ચાર્જમાં રાહત આપે તો ગુજરાતના ગેસ ધારકોને હજુ વધુ સસ્તા ભાવે સીએનજી ગેસ આપવાની ગુજરાત સરકારની પ્રતિબધ્ધતા સૌરભ પટેલ વ્યક્ત કરી હતી.

વિસામો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂત્રોના જણાવ્યા મુજબ વિસામો બનાવવા પાછળ રૂ. ૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. પાંચ મજલાના વિસામાના બિલ્ડીંગમાં જુદા જુદા રૂમ બનાવાશે. આ ઉપરાંત ડોરમેટરી તેમજ મોટા હોલનું પણ નિર્માણ કરાશે.

ગાંધીનગરમાં થતા મોટા સમારંભો અને કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં આવતા નાગરિકોને પણ 'વિસામા'માં રહેવાની સુવિધા ઉપલબ્ધ થશે. વિસામાના આયોજનને અનુલક્ષી રહેવા સાથે જમવા સહીતની આનુસંગિક સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. પાર્કીંગ પ્લેસ તેમજ ઉદ્યાન પણ બનાવાશે. પાયાની જરુરી સુવિધાઓ સાથે વિસામાને રળિયામણો બનાવવા ગ્રીનરી તેમજ પ્લાન્ટેશનનો કન્સેપ્ટ પણ અપનાવાશે.

વોટરફુલરની સુવિધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મ્યુનિ. કમિશ્નરશ્રીને સત્તા આપવામાં આવી હતી તેમજ આઉટ સોર્સીંગ એજન્સીના કર્મચારીઓ માટે પણ જે તે એજન્સીઓ સાથે યોગ્ય પરામર્શ કરવામાં આવે તેમ કમિશ્નરશ્રીને સૂચવવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ ગ્રામ્ય વિસ્તાના રહીશોના મિલ્કતવેરાના બિલોને પ્રશ્ને કલેક્ટર કચેરીના રેકર્ડ સાથે પણ મેળવણું કરી આ પ્રશ્નને ઉકેલવા માટે ચેરમેનશ્રી આશિષ દવેએ સભ્યોની રજુઆતના સંદર્ભમાં જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં વેરાવસુલાત સઘન બનાવવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

જાસુસીકાંડ મામલે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતચીતની ક્લીપ બહાર આવી જતાં થયો છે. ટેલીફોન ટેપીંગે ગંભીર પ્રકારના ગુનો છે.

કોંગ્રેસના પ્રતિનિધિમંડળે વડાપ્રધાનને આ સમગ્ર પ્રકરણ અંગે રજુઆત કરીને સુપ્રીમ કોર્ટના સીટીંગ જજ મારફત તપાસ કરાવવા માટેની રજુઆત કરતાં વડાપ્રધાને આ તમામ બાબતો અંગેની ચકાસણી કરાવવાની ખાતરી આપી હતી.

ટચૂકડી જાહેરાત
વેચવાની છે
સે.૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, દુકાન નં. ૬ વેચવાની છે.
સંપર્ક:
ભગવતીલાલ એમ. તેલી
મો. : ૯૪૨૮૩ ૫૧૯૯૨